

આશિષ મંગલ યાચત બાલક, મંગલ અનુગ્રહદૃષ્ટિ રહે,
તવ ગુણકો આદર્શ બનાકર હમ સબ મંગલમાલ લહેં.

કહાન સંવત-૧૦ □ (૫૫૭) ✻ આત્મધર્મ ✻ (અંક-૯ વર્ષ-૪૬) □ વીર સં. ૨૫૧૬ માર્ચ, ૧૯૯૦

પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં

## 'ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી'—સમાપનનો

# * મંગલ મહોત્સવ *

[ તા. ૨૨-૪-૯૦ થી તા. ૨૬-૪-૯૦ ]

મુમુક્ષુ-સમાજ ઉપર અનંત અનંત ઉપકાર કરનાર, ૪૫-૪૫ વર્ષ સુધી ધર્મવર્ષા વરસાવીને જિજ્ઞાસુઓને પુરુષાર્થની પ્રેરણા આપનાર, અનેક સૂક્ષ્મ સિદ્ધાંતોના રહસ્યોદ્‌ઘાટન દ્વારા સ્વાનુભૂતિનો માર્ગ દર્શાવનાર વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મશતાબ્દીનો અણમૂલો મંગલોત્સવ ગત વર્ષ તેઓશ્રીની સાધનાભૂમિમાં અનેરા ઉત્સાહપૂર્વક ભવ્ય રીતે ઉજવાયો હતો. આ વર્ષે તે મંગલોત્સવના સમાપનનો સમારોહ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપમ મહિમા પ્રકાશીને મુમુક્ષુસમાજ પર અસાધારણ ઉપકાર કરનાર પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની કલ્યાણકારી મંગલ છત્રછાયામાં ચૈત્ર વદ ૧૨ રવિવાર તા. ૨૨-૪-૯૦થી વૈશાખ સુદ-૨ ગુરુવાર તા. ૨૬-૪-૯૦—પાંચ દિવસ સુધી શ્રી 'જિનસહસ્રનામમંડલવિધાન' મહાપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર ટેપ-પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્ર-પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, વિડયો દ્વારા ગુરુ-દર્શન તેમ જ જિનબિંબ-પ્રતિષ્ઠાદર્શન તથા અન્ય વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમપૂર્વક અતિ આનંદોલ્લાસથી ઉજવવવામાં આવશે.

'ગુરુજન્મશતાબ્દી-સમાપન'ના આ મંગલ મહોત્સવનો ગુરુભક્તિભીનો અનુપમ લાભ લેવા મુમુક્ષુસમાજને હાર્દિક આમંત્રણ છે.

—શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

પ્રમુખ—હસમુખલાલ પોપટલાલ વોરા

કહાન
સંવત-૧૦
વર્ષ-૪૬
અંક-૯
[૫૫૭]

વીર
સંવત
૨૫૧૬
સં. ૨૦૪૬
MAR.
A.D. 1990




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુ-કહાન-જન્મશતાબ્દીવર્ષ અંતર્ગત

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલકારી

૫૮ મી સમ્યક્ત્વ-જયંતી પ્રસંગે

ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્-વબોધ-મહેકતાં

## અધ્યાત્મ-પુષ્પો

* હે યોગી! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી—એમ શ્રી જિનવર કહે છે. આહાહા! ત્રણ લોકના નાથ અનંતા તીર્થંકરો એમ કહે છે કે પરમાર્થે ત્રિકાળી ધ્રુવ જીવદ્રવ્ય છે તે બંધને ને બંધના માર્ગને (પુણ્ય-પાપ-આસ્રવને) તથા મોક્ષને ને મોક્ષના માર્ગને (સંવર-નિર્જરાને) કરતું નથી. તેને જીવ કરે છે એ પર્યાય-અપેક્ષાએ વ્યવહારનયથી છે. અગાધ, ગંભીર ને ઊંડું ઊંડું તળિયું છે જેનું એવી આ નિર્વિકલ્પ ચીજમાં—ભલે અરૂપી છે પણ વસ્તુ છે અગાધ-ગંભીર! તેમાં—બંધ કે મુક્તિ થાય તે પણ પર્યાય છે, વ્યવહાર છે.

* અરે! જન્મ-મરણ નાશ કરવાની રીત કોઈ અપૂર્વ છે! હું વર્તમાનમાં પૂર્ણ જ્ઞાયક છું, ત્રિકાળી ધ્રુવ પદાર્થ છું, હું પરમાર્થે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. શુભ અને અશુભ ભાવ જીવની પર્યાયમાં થાય છે તેને વ્યવહારનયે—અભૂતાર્થનયે જીવ કહેવાય છે, પણ

નિશ્ચયનયથી તો જ્ઞાયકભાવ શુભ-અશુભભાવરૂપે કદી થયો નથી; કેમ કે એ તો અચેતન છે, ચૈતન્યના ઝળહળતા, ચળકતા, ચમકતા અંશ તેમાં નથી. જેમ મણિમાં ચમક ઊઠે તેમ જેમાં અનંત ગુણની ચમક ઊઠે અંદરથી એવો ચૈતન્યમણિ—ભગવાન આત્મા—હું છું; હું ચૈતન્યપદાર્થ આવો છું, એવો પણ જે પક્ષનો વિકલ્પ ઊઠે તે પણ દુઃખરૂપ લાગે છે એ વિકલ્પોમાં પણ આત્મશાંતિ નથી. વિકલ્પમાત્રમાં દુઃખ-દુઃખ લાગે છે.

* પર્યાયમાંથી ખસીને અંદરમાં જતો નથી, અને કરવા ધારતો નથી; કરવા ધારે તો થયા વિના રહે જ નહિ. આ તો આખી દિશા ફેરવવાની વાત છે. પર્યાય ઉપર જે દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે, એ સંસાર દૃષ્ટિ છે; એ દૃષ્ટિને અંતર ધ્રુવ તરફ લઈ જવી. આહાહા! જ્ઞાયકતત્ત્વ—ચૈતન્ય તેજ—એ જ હું છું; પૂર્ણ સ્વભાવથી ભરેલું સત્ત્વ છે તે જ હું છું એમ ઊંડો ઊતરતો જ નથી, એમ અંદરમાં જવાનું કરવા ધારતો નથી, તેથી અઘરું-આકરું લાગે છે.

* એકલો પ્રભુ જ્ઞાયક, ધ્રુવ, પૂર્ણ અસ્તિવાળું તત્ત્વ—પૂર્ણ સત્તાવાળું, પૂર્ણ હયાતીવાળું જ્ઞાયકતત્ત્વ—તે હું છું, ને આ પર—રાગથી માંડીને શરીર આદિ બધું પર—છે; આ બે જાણ્યાં તેણે બધું જાણ્યું. વસ્તુસ્થિતિ આ છે. એક કોર રામ—પ્રભુ જ્ઞાયક, ને એક કોર ગામ—રાગથી માંડીને બધું પર, રાગ, શરીર, ઇંદ્રિયો ને તેના વિષયો, અનંત સિદ્ધો ને અનંત નિગોદો એ બધું પર છે, ને અંદર જાણનારો જ્ઞાયક ભગવાન આત્મા તે સ્વ છે. એમાં બધું આવી જાય છે; બાકી બીજાં બધાં જાણવાનાં પડખાં છે.

* સમયસારની પહેલી ગાથા '**वंदित्तु सव्व सिद्धे**' માં ભાવસ્તુતિ ને દ્રવ્યસ્તુતિ દ્વારા આચાર્યદેવે પોતામાં અને શ્રોતામાં અનંત સિદ્ધોને સ્થાપ્યા છે, એટલે કે પોતે તો સિદ્ધપદને પામવાના છે જ, પણ શ્રોતાઓ પણ સાધક થઈને—સિદ્ધપર્યાય તરફ વળેલા થઈને—સિદ્ધપદ પામશે. આહાહા! ધન્ય અવતાર! શ્રોતા વર્તમાનમાં તો હજી અલ્પજ્ઞ છે, પણ પાત્ર થઈને સાંભળવા આવ્યા છે. સિદ્ધપણાની હા પાડે છે એવી શૈલીવાળા જીવ લીધા છે.

* સમયસારની પાંચમી ગાથામાં એમ કહ્યું : 'जदि दाएज्ज पमाणं'; હું સ્વભાવથી એકત્વરૂપ અને રાગથી જુદો એવો પ્રભુ છું—એની વાત કરીશ; તારો પ્રભુ આત્મા પણ એવો જ છે;—એમ શ્રોતાઓને મારા પોતાના જ્ઞાન અને આનંદના વૈભવથી કહીશ; તે એકત્વવિભક્ત ભગવાન આત્માને દેખાડું તો પ્રમાણ કરજે. અમથી હા પાડજે એમ નહિ, પણ સ્વાનુભવપ્રત્યક્ષ દ્વારા સ્વભાવ તરફ વળેલો થઈને પ્રમાણ કરજે; કેમ કે અમારો હેતુ અંતર આનંદના નાથનો અનુભવ કરાવવાનો છે. એવા તો શ્રોતા—પંચમ આરાના જીવ—લીધા છે! પ્રવચનસારમાં કહ્યું છે કે 'जो जाणदि अरहंतं...'—જે અરિહંતને દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે બરાબર જાણે તે પોતાના આત્માને જાણે, અને તેથી તેના મોહનો નાશ થાય છે. જ્યાં એક સર્વજ્ઞને જાણતાં પોતાના આત્માને જાણીને મોહનો ક્ષય થાય છે, તો અનંતા સિદ્ધોને જેણે પોતામાં સ્થાપ્યા, એનો વિશ્વાસ કર્યો, તેને કોલકરાર થઈ ગયો કે એ સ્વ તરફ જશે જ અને સિદ્ધપદરૂપ પૂર્ણતા પ્રાપ્ત કરશે જ.

* જેના ધ્યેયમાં, રુચિમાં ને પ્રેમમાં જ્ઞાયકભાવ જ પડ્યો છે તેને શુભ વિકલ્પમાં કે બીજે કયાંય અટકવું ગોઠતું નથી. આહાહા! અંતર જ્ઞાયકસ્વભાવમાં જવા માટેની તાલાવેલી છે. બહિરાત્મપણાનો એટલે કે આત્મસ્વભાવમાં નથી એવા જે પુણ્ય-પાપના ભાવ અને તેનાં ફળ તેનો જેને રસ ને પ્રેમ છે તેને જ્ઞાયકસ્વભાવનો પ્રેમ નથી, અને જેને આત્માના જ્ઞાયકસ્વભાવનો પ્રેમ લાગ્યો તેને પુણ્યના પરિણામથી માંડીને આખું જગત પ્રેમનો વિષય નથી. આહાહા! એવા જ્ઞાયકભાવનો જેને રસ છે તેને તેની પ્રાપ્તિ માટે નિરંતર રુચિ ને ભાવના રહે. જેને બહારનો પ્રેમ છે કે દુનિયા મને કેમ માને, દુનિયામાં કેમ પ્રસિદ્ધિ થાય, મને આવડે તો દુનિયા મને મોટો માને, તેને જ્ઞાયકસ્વભાવ પ્રત્યે રુચિ અને પ્રેમ નથી.

* વિકલ્પમાં પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ એટલે શું? ભક્તિનો વિકલ્પ હો કે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો, એ વિકલ્પ શુભ રાગ છે. વિકલ્પમાત્ર દુઃખ છે, એમાં જરીયે સુખ છે નહિ. વિકલ્પમાં સુખ માનવું તે મિથ્યાત્વ છે. ભક્તિ-પૂજા વગેરેનો સ્થૂલ વિકલ્પ કે અંદર તત્ત્વવિચારનો

સૂક્ષ્મ વિકલ્પ થાય ખરો; પણ એ વિકલ્પ મારો છે, એમાં સુખ છે એ માન્યતા મિથ્યાત્વ છે; પૂરેપૂરું દુ:ખ છે—એમ અંદરથી લાગવું જોઈએ. મિથ્યાત્વ ટળી ગયા પછી પણ જે રાગ છે એ તો દુ:ખ જ છે; એવો જ્ઞાનમાં ખ્યાલ હોય છે. અજ્ઞાનીને તો ખ્યાલ જ નથી કે હું આનંદ-સ્વરૂપ છું, મારી કાયમની અસલી ચીજ તો આત્મામાં છે.

* શુદ્ધસત્તાસ્વરૂપ પૂર્ણાનંદ પવિત્ર પ્રભુના ઊંડા સંસ્કાર નાખ્યા હશે તો ભવિષ્યમાં પણ તને તારું કામ થઈ જશે. આ આત્મા સત્-સ્વરૂપ વસ્તુ છે, શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે—એમ વ્યવહારશ્રદ્ધામાં પણ દૃઢપણે જેણે રાખ્યું છે તેને સત્‌ના સંસ્કાર અંદરમાં ઊંડા જઈને પરિણમી જશે; કેમ કે તેનું વીર્ય રાગની રુચિમાંથી ખસી ગયું છે. હજુ અંદર ધરમ થયો નથી, પણ 'રાગ તરફ ઢળવું ને રાગની રુચિ કરવી' —એ શ્રદ્ધામાંથી ચાલ્યું ગયું છે; આત્મા અંદર જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, ત્યાં જવું ને ઢળવું એ શ્રદ્ધા કરી છે; રાગમાં જાય પણ રાગથી લાભ ન માને; એમ વ્યવહારશ્રદ્ધામાં—વિકલ્પ સહિત શ્રદ્ધામાં—સત્‌ના ઊંડા સંસ્કાર નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે. ભવ પૂરો થશે તો બીજા ભવમાં મળી જશે. પુરુષાર્થની કાંઈ ખામી રહી ગઈ હોય તો પુરુષાર્થ ત્યાં પૂરો થઈ જશે.

* આત્માની પ્રયોજનભૂત ચીજ જે શુદ્ધિ—આત્માનુભૂતિ—તેને પોષણ મળે એવું કામ કરવું. સાંભળવાના ને વાંચવાના રાગનો શુભ વિકલ્પ આવે—હોય, છતાં આત્માર્થનું પોષણ થાય એ કાર્ય કરવું. પૂર્ણાનંદ સ્વભાવનો દૃષ્ટિમાં સ્વીકાર, તેની હયાતીની પર્યાયમાં કબૂલાત—એ જીવનું કાર્ય છે. તેને પોષણ મળે તે કાર્ય કરવું.

* જીવને અંદર એવી લગની લાગવી જોઈએ કે—હું શુદ્ધ જ્ઞાયક છું, ચૈતન્ય છું, જ્ઞાનાનંદથી પરિપૂર્ણ છું, જગતનો સાક્ષી છું, જગત જ્ઞેય છે ને હું માત્ર જ્ઞાતા છું, જગત દૃશ્ય છે ને હું દ્રષ્ટા છું. એવું લક્ષ રાખીને દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, વિચારશ્રેણી એક જ પ્રકારે ન ચાલે તો વિચારધારાને એમાં ને એમાં અનેક પ્રકારે ફેરવે. ઉપયોગમાં, દ્રવ્ય અખંડ ને અભેદ છે એમ

એક જ પ્રકારે વિચાર કામ ન કરે તો વસ્તુમાં અનંત ગુણ છે, તેની પર્યાય અનંત છે, પરિણતિ શુદ્ધ હોવી જોઈએ વગેરે અનેક પ્રકારે વિચાર કરે.

* પરમાનંદસ્વરૂપ શુદ્ધ જ્ઞાયકપ્રભુમાંથી તારી પરિણતિ જો વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી એટલે કે ઉગ્ર પુરુષાર્થ કરીને ચૈતન્યમાં લગાવ. પછી કરશું, પછી કરશું—એમ નહિ. 'પછી કરશું'માં પછી રહી જશે. પ્રવચનસારમાં આવ્યું છે ને!—'જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે પરમાનંદ-પરિણામે પરિણમો.' 'તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો.'

* વ્યવહારનયથી વિભાવમાં બંધાયેલો છે; બિલકુલ બંધાયેલો નથી —એમ નથી. વ્યવહારનય છે ને? તે નયનો વિષય પણ છે ને? પણ વસ્તુ તરીકે બંધાયેલો નથી. મોક્ષ ને બંધ એવા બે ભેદ એક દ્રવ્યના પાડવા તે તો વ્યવહારનયથી છે. દ્રવ્યના તળમાં એવા બે ભેદ નથી. તે અભેદ જ્ઞાયક તળને જ્ઞેય બનાવીને, તેનો આશ્રય કરીને જે જ્ઞાન થાય તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. બાકી તો ૧૨ અંગનું જ્ઞાન પણ વિકલ્પ છે. એ વિકલ્પથી પણ જીવ પોતે છૂટો જ છે એમ અંદર પ્રયત્ન કરે તો બરાબર જણાય.

* આત્મા અતીન્દ્રિય જ્ઞાન, આનંદ ને પ્રભુતાનો પિંડ છે એનો જેને રસ લાગે તેને પરનો ને રાગનો રસ છૂટી જાય છે. બહુ ટૂંકાં વાક્યો! હું સહજાત્મસ્વરૂપ, શુદ્ધ, ચૈતન્યઘન, અનાદિ-અનંત, નિત્ય જ છું; તેમાં અન્ય કોઈનો પ્રવેશ જ નથી; એનો કોઈ ક્ષેત્રે વિરહ નથી, કોઈ કાળમાં એનો અભાવ નથી. આમ આત્મામાં જેને રસ—એકાગ્રતા —લાગે એને બીજા રસો છૂટી જાય છે. એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહિ. સ્વભાવનો રસ લાગે તેને રાગનો રસ નીતરી જાય છે—છૂટી જાય છે.

* પ્રભુ! અનુકૂળતામાં આત્માની સમજ ન પડી, કારણ કે ત્યાં ખેંચાઈ ગયો, લલચાઈ ગયો; પણ ચારે કોર પાપે ઘેરો ઘાલ્યો હોય એવી પ્રતિકૂળતાના વખતમાં હવે તો સમજ. એ અનુકૂળતા અને પ્રતિકૂળતા

—બધાંથી તું ભિન્ન છો. સાતમી નરકમાં ઊપજનાર નારકીને જન્મથી સોળ રોગ હોય. મિથ્યાદૃષ્ટિ તરીકે તો એ જન્મ્યો છે. એવે ટાણે પણ—અંદર પૂર્વે આત્માની વાત સાંભળેલી હતી પણ પ્રયોગમાં મૂકેલી નહિ—તે વૈરાગ્ય લાવી અંદર આત્મામાં જાય છે, જ્યાં જ્ઞાયકભાવ ને અતીન્દ્રિય આનંદના ઢગલા પડ્યા છે. પ્રતિકૂળતામાં પણ આની કોર જા, આની કોર જા.

* જેને રાગ સાથે એકતા તૂટી છે ને સ્વભાવની એકતા થઈ છે તેને તો એકત્વ-વિભક્ત સ્વભાવ જ જણાય છે. દૃષ્ટિમાં શુદ્ધચૈતન્ય ભગવાન કે જે એકમાત્ર દૃષ્ટિનો વિષય છે તે જ જણાય છે; આત્મામાં—પર્યાયમાં—અશુદ્ધતા પડી છે પણ તે દૃષ્ટિનો વિષય નથી. અશુદ્ધતા વગેરેનું જ્ઞાન હોય, પણ તેનો આશ્રય ન હોય. પવિત્ર અને પૂર્ણ એવું ભગવાન શુદ્ધ ચૈતન્ય—અપરિમિત જ્ઞાન ને આનંદ આદિ અનંત શક્તિઓનું દળ—નજરમાં, પ્રતીતિમાં, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થઈને, જણાયું તે નિજ અસ્તિત્વને જોનાર ધર્મી કહે છે કે 'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ'. બધાનું મૂળ સ્વરૂપ શુદ્ધ છે તેથી જેમ અમે સિદ્ધપણે છીએ એમ બધા જીવો સ્વભાવે સિદ્ધપણે જ છે. પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં વસ્તુ તો શુદ્ધ જ છે. એની દશાનાં પુણ્ય-પાપ તો વિકારમાં જાય છે, એ કાંઈ આત્માના મૂળ સ્વભાવમાં જતાં-આવતાં નથી. વસ્તુ તો સિદ્ધ-સ્વરૂપી છે. 'તે જ આત્મા છે' એમ જોનાર બધા આત્માને સિદ્ધપણે જ જુએ છે. સમ્યગ્દર્શન એટલે કે સત્યનું દર્શન જ્યાં થયું, પૂર્ણ સત્ય, પૂર્ણ અસ્તિત્વ, ભૂતાર્થ-સત્યાર્થ વસ્તુનો અનુભવ થયો તે 'બધા આત્માઓ—એવા જ છે' એમ દેખે છે. પર્યાયબુદ્ધિ ટળી ગઈ છે તે બીજાને પર્યાયબુદ્ધિથી દેખતો નથી, પણ દ્રવ્યબુદ્ધિથી દેખે છે. આવી વાત છે!

* આત્મા જેવી વસ્તુ છે તેવી દૃષ્ટિ તે સમ્યગ્દર્શન. દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે પર્યાયદૃષ્ટિ નાશ થઈ. દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ છે; તે તો પર્યાયથી આગળ-પાતાળમાં—ધ્રુવ પડ્યું છે. આખા આત્મા ઉપર પર્યાય છે. પણ તે પર્યાયની અંદરમાં—પાતાળમાં—ધ્રુવ છે. પર્યાયનું તળિયું ધ્રુવ છે, પર્યાય ઉપરટપકે છે. આહાહા! આવી ભાષાય ન મળે ક્યાંય! આત્મામાં બે

પડખાં છે: એક ધ્રુવપણું ને એક પર્યાય—પલટવાપણું. અરે! પર્યાયનું તળિયું તો ધ્રુવ છે; એ તળમાં પહોંચ્યા વિના દ્રવ્યની દૃષ્ટિ થઈ શકશે નહિ. એ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ તેને હવે આત્માના તળ ઉપર જ દૃષ્ટિ છે.

* સંસારનાં બધાં કાર્યો તો દુઃખરૂપ છે જ, પણ વ્રત-તપ વગેરે પુણ્યનાં કાર્યો પણ દુઃખરૂપ છે, એ કાંઈ વસ્તુભૂત નથી—રાગ છે. અહીં તો 'જ્ઞાયક છું અને અબદ્ધ છું' એ છે ખરું, પણ એનો વિકલ્પ દુઃખરૂપ છે.

* મારે મારું પોતાનું અસ્તિત્વ જ જોઈએ છે, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હયાતીવાળી ચીજ—હિતસ્વભાવી નિજ વસ્તુ—જ જોઈએ છે, જિજ્ઞાસામાં માત્ર નિજ શુદ્ધ સત્તા—હયાતી જ જોઈએ છે, મારા પૂર્ણાનંદથી ભરેલા પ્રભુ સિવાય બીજું મારે કાંઈ જોઈતું જ નથી, મારું અસ્તિત્વ જે પૂર્ણ વસ્તુ—મારો ભગવાન આત્મા એ જ મને જોઈએ છે, એ સિવાય દુનિયાની પ્રસંશા કે શુભ રાગ વગેરે બીજું કાંઈ જોઈતું નથી;—આત્માની યથાર્થ રુચિવાળાને દૃષ્ટિમાં આવું જોર આવી જાય છે.

* વિષય-કષાયના પ્રેમમાં જ જેની જિંદગી ચાલી જાય એ તો એકલા દુઃખના ગંજમાં ગરકાવ છે. એ તો બધું અશુભ જ છે, પણ અહીં તો વ્યવહારરત્નત્રયનો શુભ રાગ પણ દુઃખરૂપ છે. માટે શુભાશુભ ભાવથી રહિત અંદર ચૈતન્યભગવાન સત છે, નિત્ય વસ્તુ છે, જે બેસવાનો વિસામો છે ને રહેવાનું સ્થાન છે, વિશ્રામઠામ છે તેની, ઉપલક નહિ પણ ઊંડી જિજ્ઞાસા કર.

* વ્યવહારથી નિશ્ચય પમાય, દેવગુરુની કૃપા મળે તો આત્મા મળી જાય, કેવળીના સમવસરણમાં જાય તો તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય જ;—એવા અનેક પ્રકારના સ્વચ્છંદો—મિથ્યા અભિપ્રાયો—ચાલતા હોય તો તેનું લક્ષ છોડીને તું તારા ધ્યેયને—અંદર ચૈતન્યસ્વરૂપ વસ્તુને—ચૂકીશ નહિ, તારા પ્રયત્નને છોડીશ નહિ. બહારની ક્રિયાનો પ્રયત્ન તો આત્મા કરી શકતો નથી, પણ જે તું કરી શકે છે એવા—પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત ચૈતન્યસ્વરૂપ તરફ જવાના—પ્રયત્નને છોડીશ નહિ. અંતરમાં જવા

માટે જરા વાર લાગે, અકળામણ થાય, મૂંઝવણ થાય, તોપણ ધ્યેયને ચૂકીશ નહિ. એ પામ્યે જ છૂટકો છે એમ પ્રથમ અંતરમાં નિર્ણય કર. આહાહા! આવી વાત છે.

* જેવાં કર્મ બાંધ્યા હોય એવું ફળ આવે. પૂર્વે મેં જેવા ભાવ કર્યા હતા તેવાં આ કર્મનાં ચિતરામણ છે. અંદર આનંદનો નાથ જુદો છું, તે ચિતરામણમાં હું નથી અને એ ચિતરામણ મારાથી થયું નથી. શુભ ભાવ હોય ને તેનાથી પુણ્ય બંધાઈ ગયું હોય, તેના ફળરૂપે ભલે ચક્રવર્તી કે ઇંદ્રપદ મળે, એ બધું, વીતરાગના માર્ગમાં, કર્મનાં ચિતરામણનું ફળ કહ્યું છે. એ મારાં નથી ને એ મારામાં નથી. કરોડો રૂપિયા, લાખોની ઘરવખરી વગેરે બધું શું છે? પૂર્વે પુણ્યનો ભાવ થયો હતો એનું બંધાયું જે કર્મ, તેનું આ ચિતરામણ દેખાય છે.

* અરે! શુભોપયોગ પણ દુઃખરૂપ છે ને દુઃખનું કારણ છે; શુદ્ધોપયોગ જ આનંદરૂપ છે. ભાઈ! તને હજી સત્ય વાત કબૂલ કરતાંય ન આવડે, તો સત્યમાં શી રીતે જઈશ? વીતરાગ પ્રભુએ ઉપદેશ તો એવો કર્યો છે કે–અંદર આત્મા એકલો મુક્તસ્વભાવ છે, ભરેલી ચીજ—આનંદનું પૂર્ણ દળ છે. એના ઉપર દૃષ્ટિ દેતાં, એનો વિશ્વાસ ને પોષણ મળતાં તને આનંદ થશે. આ તો અંતર આત્માની જેને ખટક પડી હોય એની વાત છે. આ દેહ છૂટશે તો તારી હયાતી રહેશે કે નહિ? એ હયાતી-વાળા ત્રિકાળી તત્ત્વનો આશ્રય કર, ને જેમાં તારી હયાતી નથી તેનો આશ્રય છોડ. આહાહા! આત્માનો રસ લાગે એને વિભાવનો રસ નીતરી જાય છે. જેને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માનો પ્રેમ લાગે તેને, બીજા રાગાદિ ભાવ હો પણ તેનો પ્રેમ છૂટી જાય છે, 'ઠીક છે' એવો મોહભાવ છૂટી જાય છે.

* અંદર વસ્તુ છતી ચીજ છે, ધ્રુવપણે અંદર મોજૂદગી પડી છે. બદલતી પર્યાયને ત્યાં લઈ જા ને! ત્યાં એકલો આનંદ ને જ્ઞાન છે તેને સમજ, અને વૈરાગ્ય લાવીને અંતરમાં જા. આ બાજુની દૃષ્ટિ કરીને ને પેલી બાજુથી વૈરાગ્ય કરીને ભાઈ! પ્રતિકૂળતાના ગંજ હોય તોપણ પર તરફથી ઉદાસ થઈ, પર તરફના રાગથી વૈરાગ્ય લાવી સ્વમાં જા. સ્વનું

આચરણ કરી, પરથી વૈરાગ્ય કરી, અંદરમાં જા—આત્મામાં જા. આહાહા! આવી વાત છે.

* ત્રિકાળી ભગવાન આત્મા એ તો મુક્તપણું કે બંધપણું–બેયથી રહિત છે. અનંતગુણગંભીર એવું આ જીવતત્ત્વ જ્યાં મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનમાં બેઠું, ત્યાં તેનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં આવ્યું કે—વસ્તુ છે તે તો કદી બંધાઈ કે મુક્ત થઈ નથી. વસ્તુ મુક્ત છે કે બંધાયેલી છે તે પર્યાયનયથી, અભૂતાર્થનયથી છે.

* પોતે ચૈતન્ય જ છે એવો અનુભવ થયો—જ્ઞાનમૂર્તિ છે, જ્ઞાનના પ્રકાશનું પૂર છે, એ જ હું છું એમ અનુભવમાં આવ્યું—તે, બધા આત્મા આવા જ છે, 'સર્વ જીવ છે સિદ્ધ સમ'–એમ દેખે છે, પર્યાયદૃષ્ટિ કાઢી નાખી ને દ્રવ્યદૃષ્ટિ થઈ તે બીજાને પણ દ્રવ્યદૃષ્ટિએ એવા પૂર્ણ ભગવાન જ જુએ છે. પર્યાયનું જ્ઞાન કરે, પણ આદરણીય તરીકે—દૃષ્ટિના આશ્રયરૂપે–તો તેને ત્રિકાળી ધ્રુવ શુદ્ધ દ્રવ્ય જ છે. જેને પર્યાયબુદ્ધિ ગઈ છે તે પર્યાયનો આશ્રય લેતો નથી, ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકભગવાનનો આશ્રય લે છે.

* મુમુક્ષુઓને એટલે કે ધર્મની પિપાસાવાળાઓને તેમ જ ધર્મીને અપવાદ—શુભ રાગભાવ—કમજોરીને લઈને આવે પણ તેનો આગ્રહ ન હોય કે આ જ હોય તો ઠીક છે. ખરેખર તો ઉત્સર્ગમાર્ગ–ઉપયોગનું અંદર સ્વરૂપમાં ઠરવું—એ જ ચીજ છે. જ્ઞાનીને ભાન છે: હું શુદ્ધ ચૈતન્ય છું, આનંદ છું, શુભ રાગનો વ્યવહાર—અપવાદમાર્ગ—મારું સ્વરૂપ નથી. પણ ઉપયોગ સ્વરૂપમાં ઠરી શકતો નથી. ત્યાં તે આગ્રહ ન કરે કે શુભ રાગ લાવવો જ નહિ. શુભ આવે તે ઠીક નથી, તેનાથી હું ભ્રષ્ટ થઈ જાઉં છું—એમ ઉત્સર્ગનો એકાંત આગ્રહ ન કરવો.

* ભાઈ! જન્મ-મરણ અને તેનાં દુઃખોથી રહિત થવા માટે માર્ગ અંદર જુદો છે. બહારમાં અબજો રૂપિયા પડ્યા હોય, પણ શરીરમાં મોટા મોટા રોગ આવે, આમ તેમ ટળવળે, ન્યૂમોનિયા થાય, શ્વાસ ઉપર લેવા જાય ત્યાં રાડ નાખે—એ બધું આહાહા! એક દી આવશે ને સંપદા છોડીને પરલોકમાં ચાલ્યો જશે. 'એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યા

જ નહોતા જી...' એક કાળ એવો આવશે કે તારું કરેલું બધું અહીં પડ્યું રહેશે, જ્યાં જે છે તે ત્યાં જ પડ્યું રહેશે, ને તું ત્યાંથી ચાલ્યો જઈશ. ધ્રુવ જ્ઞાયકસ્વભાવની સાધના સાધેલી હશે તો તે સાથે આવશે.

* શુદ્ધચૈતન્ય અકષાયસ્વરૂપ—સર્વોત્કૃષ્ટ પરમાત્મસ્વરૂપ—નિજ આત્મસ્વભાવના જ્ઞાન વગરનો વૈરાગ્ય તે સાચો વૈરાગ્ય નથી; કેમ કે જ્યાં શુદ્ધચૈતન્ય મહાપ્રભુ એવા સર્વોત્કૃષ્ટ નિજ પરમાત્મસ્વરૂપનું જ્ઞાન નથી ત્યાં પર તરફના રાગનો અભાવ હોતો નથી. તેથી કહે છે કે જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી.

* હું તો આત્મા છું, જ્ઞાન ને આનંદથી ભરેલો સ્વયંભૂસિંધુ છું. આહાહા! મારાં તળિયાં લેનારાને સમ્યક્ આનંદનો સ્વાદ આવે એવો હું ભગવાન છું. અંદર ધ્રુવ તત્ત્વ જેણે સ્પર્શ્યું છે તેને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં—અનુભવમાં—પ્રમાણ, નય ને નિક્ષેપ લાગુ પડતાં નથી. એ તો વસ્તુને સિદ્ધ કરવા માટે બાહ્ય જ્ઞાનના નિમિત્ત તરીકે છે. ભગવાન આત્મા અંતરના ઉપયોગમાં જ્યારે જાય છે ત્યારે અનુભવમાં ત્યાં આગળ પ્રમાણ, નય ને નિક્ષેપની ગંધ પણ હોતી નથી. રાગાદિ ઉદયની તો ગંધ નથી પણ પ્રમાણ આદિના વ્યવહારની પણ ગંધ હોતી નથી. પૂર્ણાનંદના નાથના અનુભવકાળમાં તે વિકલ્પો હોતા નથી, તો પૂર્ણાનંદનો નાથ જ્યાં પૂર્ણ પરમાત્મપણે પ્રગટ થયો એના મહિમાની તો શી વાત કરવી! અરે! પોતાના સ્વરૂપનું માહાત્મ્ય કેટલું છે એ સાંભળ્યું નહિ—સમજ્યો નહિ અને બહારમાં ને બહારમાં રોકાઈ ગયો!

* ટાંકણાથી પથ્થરમાં કોતરેલાં ચિત્રની જેમ, જેનું ત્રિકાળ ટંકોત્કીર્ણ પૂર્ણસ્વરૂપ સદા શુદ્ધ છે એવા ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનો—શાશ્વત એકરૂપ પદાર્થનો—આશ્રય કરીને, સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થતાં, પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા છે. 'ધવલા'માં આવ્યું છે કે, કેવળજ્ઞાન પામવાને છેલ્લો અંતર્મુહૂર્ત કાળ રહે ત્યારે છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર આવે-જાય. અખંડ દ્રવ્યનો આશ્રય ગ્રહણ કરીને ક્ષણમાં પ્રમત્ત અને ક્ષણમાં અપ્રમત્ત-એમ અંતર્મુહૂર્તમાં હજારો વાર, ઝૂલાની માફક, ઝૂલે છે. તેને મુનિદશા કહે છે.

* જેને પરિભ્રમણનો ખરેખરો થાક લાગ્યો હોય, તાપ લાગ્યો હોય, દુઃખ લાગ્યું હોય, જે સંસારથી કંટાળી ગયો હોય કે ચારેય ગતિ સંસાર છે, દુઃખરૂપ છે, અસાર છે, તેની આ વાત છે. પંચાસ્તિકાયમાં સમયનું (આગમનું) સફળપણું બતાવતાં કહ્યું છે: તે સમય નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ અને દેવત્વસ્વરૂપ ચાર ગતિઓનું નિવારણ કરવાને લીધે પરતંત્રતાનિવૃત્તિ જેનું લક્ષણ છે એવા ફળથી સહિત છે. યોગસારમાં પણ કહ્યું છે: 'ભવભયથી ડરી ચિત્ત.' બધા ભવના ભયથી હો! માત્ર નરકનાં કે તિર્યંચનાં દુઃખથી—એમ નહિ. ભવ કરવો એ જ જેના ચિત્તમાં ભય છે, જેનું ચિત્ત ચારેય ગતિમાં ભ્રમણરૂપ દુઃખથી કંટાળી ગયું છે, થાકી ગયું છે, એની આ વાત છે. જેને સંસારમાં હજી મજા લાગતી હોય, પૈસામાં, નીરોગતામાં, બહારની મોટપમાં સુખ લાગતું હોય, જેના ચિત્તમાં ભવભ્રમણનો ભય, તાપ કે દુઃખ લાગતાં ન હોય, તેને માટે વિચારવાનું ટાણું નથી.

* આત્માની પર્યાયમાં ચૈતન્યનો મહિમા જાગૃત કરવામાં અને ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં દેવ-ગુરુની વાણી તથા દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા નિમિત્તરૂપે છે. આહાહા! ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં, ધ્રુવ તત્ત્વને પકડવામાં, પ્રભુ તો અંદર ઊંડે તળિયામાં પડ્યો છે એને પકડવામાં, દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા—પોતે સંસ્કાર નાખે તો એને પકડે તો—નિમિત્ત છે. આહાહા! એક-એક બોલ અલૌકિક છે, આ કાંઈ સાધારણ વર્તા નથી.

* આહાહા! ચારે કોર દુઃખથી ઘેરાય, એક એક અંગુલમાં ૯૬ રોગ છે—એ બધા ફાટે, ત્યારે બાપુ શરણ કોણ? ઔષધ કે વૈદ શરણ છે? ભાઈ! શરણ તો અંદર ભગવાન આત્મા છે. એનો અંદરથી વિશ્વાસ આવ્યો હોય, અનુભવ થયો હોય, તો શરણ છે ત્યાં જાય; પણ જેણે અંદર દૃષ્ટિમાં ને અનુભવમાં 'આત્મા આવો છે' એમ જાણ્યો—જોયો નથી એ ક્યાં જશે? પ્રભુ! આ બહારના બધા ભભકા ખલાસ થઈ જશે. અરે પ્રભુ! અંદર અતીન્દ્રિય આનંદનો નાથ પડ્યો છે એનો ભેટો કર તો તે શરણ થાય.

* દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં નિમિત્તો છે. પોતે અંદર પોતાના આત્મદેવનો મહિમા જાગૃત કરે તો તેને નિમિત્ત કહેવામાં આવે. આહાહા! જે એક સમયની પર્યાયમાં સમસ્ત દ્રવ્ય, ગુણ ને પર્યાય અને ભૂત-વર્તમાન-ભવિષ્ય ત્રણે કાળની અવસ્થાઓ વર્તમાનવત્ સાક્ષાત્ પ્રત્યક્ષ જાણે છે તે સર્વજ્ઞદેવ છે. ભાઈ! શી એ દશા હશે? અને કેવો એમની વાણીનો મહિમા હશે? ભવિષ્યનો અંત નથી અને ભૂતની આદિ નથી; બેયને વર્તમાનવત્ પ્રત્યક્ષ દેખે છે. ભવિષ્યની પર્યાય થશે ત્યારે જાણશે એમ નહિ, પણ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ભવિષ્યનું પણ પ્રત્યક્ષ જાણે છે. એનો મહિમા જેને લાગે એને ચૈતન્યનો મહિમા જાગવામાં એનું નિમિત્તપણું થાય. અરિહંતના ચૈતન્યનો મહિમા પોતાના ચૈતન્યનો મહિમા કરી દે છે—એમ નથી; પણ પોતે પોતાના ચૈતન્યના મહિમાભાવે પરિણમે તો તેને નિમિત્ત કહેવામાં આવે છે.

* અજ્ઞાનીને આગમનો વ્યવહાર સહેલો લાગે છે—ઠીક પડે છે. દયા, દાન, વ્રત, ભક્તિ વગેરે આગમના વ્યવહારમાં—શુભ પરિણામમાં—તેને રસ પડે છે. પ્રવચનસારની ૯૪ મી ગાથાની ટીકામાં પણ કહ્યું છે: અજ્ઞાની જીવ અવિચલિત-ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી ચ્યુત થઈને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે એવા મનુષ્ય-વ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે ખરેખર પરસમયરૂપે—મિથ્યાત્વરૂપે—પરિણમે છે.

* ભગવાન આત્માને ધ્યેયરૂપ રાખીને, ધ્રુવધામને ધ્યેય બનાવીને દિવસ ને રાત નિરંતર પુરુષાર્થ કરવો જોઈએ. આકરી છે વસ્તુ! ધ્રુવ જ્ઞાયકધામની ધૂન લાગવી જોઈએ; એને માટે ઘેલો થઈ જવો જોઈએ; એની પાછળ સતત પ્રયત્ન કરવો જોઈએ.

* કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. અહીં પાછો 'જ'કાર નાખ્યો છે. વસ્તુ છે તે રાગદ્વેષવાળી છે જ ક્યાં? આહાહા! જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ હોય તો એક પ્રભુ આત્મા જ છે. તે વસ્તુ છે ને? વસ્તુ છે તો તેમાં વસ્તુસ્થિતિએ જ્ઞાન આદિ અનંત ગુણ વસે છે. જેમ વસ્તુ

ત્રિકાળ છે તેમ તેની શક્તિઓ—સ્વભાવ—ગુણ પણ ત્રિકાળ છે. વસ્તુ—નિજ આત્મા—શુદ્ધ ને પવિત્ર છે તેમ બધા આત્માઓ પણ વસ્તુપણે શુદ્ધ ને પવિત્ર છે.

* આત્માનો પ્રેમ અને વિશેષતા—મહત્તા હોય તેને અતીન્દ્રિય આનંદ ફળશે; કેમ કે કારણ આપે એવું કાર્ય થાય. પરંતુ જેને એમ હોય કે—'મેં કેવું કર્યું! મેં કેટલું કર્યું! આખો દિવસ શાસ્ત્રસ્વાધ્યાય કરીએ છીએ ને બીજાને સમજાવીએ છીએ! ભગવાનની ભક્તિ કરીએ છીએ ને કરાવીએ છીએ!'—એમ એની વિશેષતા—મહત્તા લાગતી હોય તેને તો તેના ફળ તરીકે સંસાર ફળશે. અરે! પરિભ્રમણનાં દુઃખ! કષાયની આડોડાઈ રોપી છે તેને કાગડા-કૂતરાના ભવમાં જવું પડશે ભાઈ! કુંદકુંદાચાર્યપ્રભુ તો ત્યાં સુધી કહે છે કે વસ્ત્રનો ટુકડો રાખીને પણ સાધુપણું માનવું, માનનારને સારા માનવા—એવા ભાવથી જીવ નિગોદમાં જશે. આકરું કામ ભાઈ!....કઠણ કામ બાપા!...એ માન્યતામાં એને નવેય તત્ત્વની ભૂલ ઊભી થાય છે. આમ મિથ્યાત્વનું પોષણ કર્યું, કરાવ્યું ને અનુમોદ્યું હોય ત્યાં બીજું શું ફળ આવે! આકોલિયાનું બીજ વાવે તેને આકોલિયાં પાકે. ત્યાં કોઈની સિફારસ ચાલે તેમ નથી. કે મેં આટલાને સમજાવ્યા'તા, મેં આટલાને પક્ષમાં લીધા'તા, આટલાં વર્ષ બધા મારી પ્રશંસા કરતા'તા. ભાઈ! તને ત્યાં એ બધું શું કામ આવશે! જેવું કારણ આપ્યું હશે એવું કાર્ય થશે.

* તારી વર્તમાન પર્યાય—અવસ્થા જે રાગ અને શુભ-અશુભના પુણ્યપાપના વિકલ્પોમાં રોકાયેલી છે ત્યાં તને નહિ ગોઠે, કેમ કે ત્યાં રાગ ને દુઃખ છે. ત્યાંથી તારો ઉપયોગ પલટાવ. વર્તમાન દશામાં જે રાગ છે તે તો થઈ જ ગયો છે, તેને કેમ પલટાવવો? ત્યાર પછીની દશાને–ઉપયોગને અંતરમાં વાળ, એમ તેનો અર્થ છે. તને ક્યાંય બહારમાં સંતોષ લાગતો ન હોય, આકુળતા લાગતી હોય, તો તારી દશાના વ્યાપારને—તારા ઉપયોગને ગુલાંટ મારીને અંદર સ્વભાવમાં વાળ. જીવ શુદ્ધચૈતન્ય ને આનંદસ્વરૂપ પ્રભુ છે; ત્યાં ઉપયોગને ઢાળ–વાળ, અને આત્મામાં ગમાડ.

* અંદર વસ્તુ ત્રિકાળી સત્ છે. એક સમયની પર્યાયને ત્રિકાળી સત્ તરફ ઢાળ. એમાં તને સત્ મળશે; એક સમયની પર્યાય પર લક્ષ જશે તો તને સત્ મળશે નહિ, કેમ કે પર્યાયમાં પૂર્ણ સત્ છે નહિ. પૂર્ણ સત્ અંદર ત્રિકાળી સ્વરૂપમાં છે. અંદર હયાતી ધરાવતું પોતે તત્ત્વ છે પણ તેની ખબર ન મળે! ભગવાન આત્મા દયા-દાન આદિના વિકલ્પોથી જુદો છે. ક્યારે? અત્યારે. અરે! એ રાગથી તો જુદો છે, પણ એને જાણનારી જે જ્ઞાનની વર્તમાન પર્યાય એ પર્યાયમાં પણ આખું તત્ત્વ નથી આવતું. એ વર્તમાન અંશને ત્રિકાળીમાં ઢાળ તો તત્ત્વનું તને પરિણમન થશે—અનુભવ થશે. પર્યાય ઉપર લક્ષ રાખીને પરિણમીશ તો રાગની દશા થશે અને ત્રિકાળી ચૈતન્ય સત્ ઉપર દૃષ્ટિ કરીને, તેના ઊંડા સંસ્કાર નાખીને પરિણમીશ તો વીતરાગ દશા થશે.

* પ્રભુ! તું વસ્તુ છે કે નહિ? વસ્તુ આખી છે તે શું એક સમયની પર્યાયમાં આવી જાય છે?—પલટતી પર્યાયમાં આવે? એકરૂપ રહેલી ચીજ પલટતી અવસ્થામાં કેમ આવી જાય? પલટતી અવસ્થામાં તો તેનું શ્રદ્ધાન ને જ્ઞાન આવે. બરાબર છે ને? તેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તે અપેક્ષાએ એમ કહેવાય કે દ્રવ્ય પ્રગટ્યું. પર્યાયમાં દ્રવ્યને માન્યું નહોતું, તેથી એને દ્રવ્ય નહોતું. દ્રવ્ય તો છે ભલે, પણ એને ક્યાં હતું? એ તો પર્યાય જેટલું જ દ્રવ્ય માનતો હતો. આહાહા! આકરી વાત છે પ્રભુ! જૈન માર્ગ બહુ આકરો! વીતરાગમાર્ગને લોકોએ અત્યારે વીંખી નાખ્યો છે. બધેય એમ જ છે. તોપણ અત્યારે હજારો સાંભળવા ને વિચારવા તૈયાર થઈ ગયા છે કે આ શી ચીજ છે!

* મુનિદશા કેવી હોય? આહાહા! મુનિદશા શું કહેવાય! મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે, અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એ એનો વેષ છે, એને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ અને પર્યાયનો પરિગ્રહ હોય છે. જેને આત્માના જ્ઞાન, સુખ આદિ અનંત ગુણો ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંત વીતરાગ નિર્મળ પર્યાયોનો પોતાના અનુભવમાં પરિગ્રહ હોય છે તેને મુનિદશા કહીએ. પરિ=સમસ્ત પ્રકારે, અને ગ્રહ=પકડવું. જેણે સમસ્ત પ્રકારે અંદર

પોતાના જ્ઞાનાદિ ગુણો ને નિર્મળ વીતરાગ પર્યાયોને પકડી છે. તેવી સહજદશારૂપ જેને પરિણમન થયું છે, તેને મુનિદશા કહેવાય. આહાહા! મુનિદશા એટલે શું કહેવું? એ તો કેવળજ્ઞાનની તળેટી છે. મુનિને અંતરમાં આનંદ આદિ અનંત ગુણો અને તેની અનંત શુદ્ધ નિર્મળ પર્યાયોનો—પ્રચુર અતીન્દ્રિય સ્વસંવેદનનો—પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. છઠ્ઠે ગુણસ્થાને સંજ્વલન-કષાયનો એક અંશ જરા હોય છે; પણ ઘણો વિભાવ—અનંતાનુબંધી વગેરે ત્રણ કષાયનો વિભાવ—છૂટી ગયો હોય છે. મહાવ્રત આદિ ૨૮ મૂળ ગુણના વિકલ્પનો મંદ રાગ—શુભ રાગ—રહી ગયો હોય છે. એવી અંતરંગ સહજદશાને નિર્ગ્રંથ મુનિદશા કહે છે.

* અંદરમાં જવા માટે ભલે થોડો વખત લાગે—ભગવાન ધ્રુવધામ મહાપ્રભુ જે અંદર બિરાજે છે એનો અનુભવ કરવા માટે થોડી વાર લાગે—પણ વાર લાગે એની સામું જોઈશ નહિ, તને તારા પ્રયત્નનું પરિણામ આવશે જ. જરા વખત લાગે પણ ભાવના સફળ થાય જ. અંતરમાં પ્રયત્ન કરતાં કરતાં, સ્વભાવની પૂર્ણતા તરફ જતાં જતાં, થોડો વખત લાગે પણ અંદરની ભાવનાથી એ 'ભાવ'ને જેણે ભાવનામાં લીધો છે એને તે મળશે જ, એની ભાવના સફળ થશે જ.

* નિવૃત્તિના વખતમાં પોતાની લગનીને પોષણ મળે, પરિણતિની નિર્મળતાને પુષ્ટ કરે એવાં પુસ્તકોનું વાંચન કરવું. વાંચન કરીને પણ પછી જે કરવાનું છે ત્યાં અંદર જવું, પોતાની લગનીને સ્વભાવ તરફ નિરંતર જાગતી રાખવી. આ તો શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, વ્રત-તપ કર્યાં વગેરે શુભભાવમાં રોકાઈ ગયો. તે ભાવ આવે, પણ તેના ઉપરથી લક્ષ ઉઠાવીને અંદર ચૈતન્યના રસમાં જવું જોઈએ.

* અનાદિ કાળથી જીવની રુચિ જ પરમાં છે. એણે જોયો છે રાગ, પણ રાગને જાણનારો અંદર એકત્વવિભક્તસ્વરૂપ જ્ઞાયકભગવાન આખો પડ્યો છે તેને જાણ્યો નથી, તેની રુચિ કદી કરી નથી. જાણનારી પર્યાયની સમીપ આખો ધ્રુવ પ્રભુ બિરાજે છે તેની રુચિ જ કરી નથી.

* આત્મા વ્યવહાર-રત્નત્રયના રાગના સંબંધવાળો પણ ખરેખર

નથી. આત્માને વ્યવહારવાળો, રાગવાળો જોવો તે મિથ્યાત્વ છે. ભગવાન આત્મા તો અંદર મુક્તસ્વરૂપ છે. પર્યાયની અપેક્ષામાં રાગનો સંબંધ કે અભાવ છે, પરંતુ દ્રવ્યસ્વભાવ તો સદા અબદ્ધસ્પૃષ્ટ મુક્તસ્વરૂપ જ છે. ભગવાન આત્માને જેમ રાગનો સંબંધ નથી તેમ કર્મનાં રજકણો સાથે પણ તેને સંબંધ નથી; તે, નારકી આદિ અનેરી અનેરી ગતિઓથી ભિન્ન અનન્ય છે; પર્યાયમાં હીનાધિકપણું જે છે તે તેના મૂળ સ્વરૂપમાં નથી માટે નિયત, ત્રિકાળ નિશ્ચળ એકરૂપ છે; તે રાગવાળો તો નથી પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ભેદવાળોય નથી, અવિશેષ છે; અને શુભાશુભ ભાવની જે આકુળતા તેનાથી તે સહિત છે જ નહિ, રહિત જ છે, માટે અસંયુક્ત છે; આવા આત્માનો પ્રતીતિ અને જ્ઞાન કરીને અનુભવ કરવો એ જ પરથી એકત્વબુદ્ધિ તોડવારૂપ અને સ્વભાવના એકત્વને સાધવારૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

* ૨૪ કલાકમાં અંતર સત્ તરફ વળતા પરિણામ કેટલા આવે છે અને બાહ્ય તરફ વળેલા પરિણામ કેટલા છે—તે વિચારવાનો જીવ વખત લેતો નથી; પરંતુ વખત મેળવી, પરિણામ તપાસીને પુરુષાર્થ તરફ વળવું. ભગવાન પૂર્ણસ્વરૂપ ધ્રુવ ધામ છે તે, જેમ ઓટલો બેસવાનું સ્થાન છે તેમ, અંદર ઠરવાનું સ્થાન છે. ધ્રુવ ચૈતન્યપ્રભુ તરફ વલણના અને બહાર તરફ વલણના પરિણામ કેટલા થયા—એમ બન્નેનો ભેદ કરી, બેયની તપાસ કરી અંતર પુરુષાર્થ તરફ વળવું. ભગવાન ધ્રુવધામ ચૈતન્યધામ-નિત્યાનંદપ્રભુ પરથી ઉદાસીન થઈ સ્વરૂપમાં બેસવાનું—સ્થિર થવાનું—સ્થાન છે, વિસામાનું ઠામ છે, ત્યાં અંદર પુરુષાર્થને વાળવો. આહાહા! આવી વાત છે! લોકોને બિચારાને સાંભળવાય મળતી નથી; ને જિંદગી એમ ને એમ, પાપનાં પોટલાં બાંધીને, ચાલી જવાની, આત્મા શી ચીજ છે એનીય એમને ખબર નથી!

* જ્ઞાન ને આનંદના સ્વભાવથી પરિપૂર્ણ એવું જે નિજ આત્માનું સર્વોત્કૃષ્ટ ચૈતન્યમય પરમાત્મસ્વરૂપ, તેના ભાન વિનાની કષાયની મંદતાને 'અશુભ ગયો માટે શુભ છે' એમ કહેવામાં આવતું નથી; કેમ કે ખરેખર તેને જરીયે કષાય ગયો નથી. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન સમ્યક્ થયા

પછી શુભ હોય ત્યાં, તેનાથી અશુભ ગયો છે એમ વ્યવહારે કહેવાય. પરંતુ આને તો, ચૈતન્યસ્વરૂપ—જીવનું એકલું વીતરાગી સ્વરૂપ—જ દૃષ્ટિમાં આવ્યું નથી તેથી તેને જે રાગની મંદતા છે, શુભ છે તેમાં અશુભ ગયો છે એમ કહેવામાં આવતું નથી.

* જેની રુચિ અને રસ હોય તેમાં કેટલો વખત ગયો એની ખબર ન પડે. સ્વરૂપના રસમાં આવે, અંદર રુચિથી સ્વભાવનો પુરુષાર્થ કરે, ત્યાં કેટલો કાળ ગયો એની તરફ એનું ધ્યાન ન હોય. વખત ક્યાં ચાલ્યો ગયો એની ખબર ન પડે. રુચિ જ્યાં હોય ત્યાં પુરુષાર્થ સહજ વળ્યા કરે. જેની જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ કર્યા વિના રહે નહિ, વીર્ય એ બાજુ વળ્યા જ કરે. સંસારમાં જેની જરૂરિયાત લાગે છે—છોકરાંઓ માટે આખો દી રળવું, બાયડીને રાજી રાખવી વગેરે પાપકાર્યની જરૂરિયાત લાગે છે, એ બધું મળે છે પૂર્વના પુણ્યથી છતાં પણ એની રુચિ છે એટલે—ત્યાં પુરુષાર્થ કર્યા વિના રહેતો નથી; એમ અંદર આત્માના હિતની જરૂરિયાત જણાય તો ત્યાં પુરુષાર્થ થયા વિના રહે જ નહિ.

* હું એક જ્ઞાયક ધ્રુવ ચૈતન્યપદાર્થ છું, પરિપૂર્ણ જ્ઞાનાનંદસ્વભાવી એવી સ્વયં સત્ ચીજ છું, એવું પહેલાં તેણે લક્ષમાં લેવું જોઈએ. સાંભળતાં પણ લક્ષનું જોર પરિપૂર્ણ પરમાનંદસ્વભાવી નિજ વસ્તુ ઉપર રહે. એક ચૈતન્યમહાપ્રભુનું અસ્તિત્વ શુદ્ધ, અખંડ, અભેદ અને પરિપૂર્ણ આનંદમય છે એમ પોતાના ચિંતવનમાં લે. એ જીવ ભલે કદાચ તરત સમ્યગ્દર્શન ન પામે, તોપણ અંદરમાં સમ્યગ્દર્શન પામવાની સન્મુખ તો થાય છે.

* આત્મા ચિદાનંદસ્વરૂપ છે—એના નિરાકુળ આનંદની નિર્મળ દશા જેને પ્રગટ થઈ છે એવા પંચ પરમેષ્ઠી નમસ્કાર કરવા યોગ્ય છે. પંચ પરમેષ્ઠીમાં આચાર્ય-ઉપાધ્યાય-સાધુને પ્રચુર સ્વસંવેદન જેની મહોર-છાપ છે એવો આત્માનુભવ હોય છે. અવિરત સમકિતીને સ્વસંવેદન પ્રચુર નથી; તેને પણ આનંદનો સ્વાદ છે, પણ બહુ થોડો. ખરેખર તો અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા નમસ્કાર કરવા યોગ્ય છે;

પણ જેમણે આવા આત્માની સાધના કરી છે એવા પંચ પરમેષ્ઠી પણ વ્યવહારે પૂજ્ય છે અહીં એમ નથી કહ્યું કે—એમણે વ્રતાદિ પાળ્યાં માટે તે પૂજ્ય છે. અહા! અતીન્દ્રિય આનંદનો અરૂપી ગુપ્ત ભંડાર જેમાં ભર્યો છે એવા ભગવાન આત્માની સાધના જેમણે અંતરથી કરી તે પંચ પરમેષ્ઠી ભગવંતો વ્યવહારે નમસ્કાર કરવા લાયક છે, અને વ્યવહારે તેઓ મંગળરૂપ છે, ઉત્તમ છે ને ભવ્યજીવોનાં શરણ છે.

* અરે! દુનિયાને ક્યાં પડી છે? મેં આ કર્યું, હું રળ્યો ને ઉદ્યોગપતિ થયો, બાપા પાસે કાંઈ નહોતું ને મેં મારા બાહુબળથી આ બધું મેળવ્યું—એમ દુનિયા પાગલપણે જિંદગી ગાળે છે. પ્રભુ! તેં બહારનું કાંઈ કર્યું નથી, કરી શકતો જ નથી; તેં કર્યો છે માત્ર રાગ ને મિથ્યાત્વભાવ, હવે તું તારી દિશા પલટાવ. અંદરમાં તું નિત્ય ટકતું તત્ત્વ છો. તેના તળ ઉપર નજર કર અને તેના ઊંડા સંસ્કાર નાખ. ત્યાં બેસતાં આત્માને કાયમી વિશ્રામ મળશે. રાગ ને પર્યાયમાં બેસતાં-રહેતાં તને દુઃખ થશે, એક સમયની પર્યાય પણ તારું ધ્રુવધામ નથી. આહાહા! અંદર જ્યાં તારું ધ્રુવધામ—ભગવાન આત્મા—છે ત્યાં જા. તેના સંસ્કાર રેડ તો તને સત પ્રગટશે જ.

* એક ચીજ ખોવાઈ જાય ત્યાં ક્યાં ગઈ? ક્યાં ગઈ? એમ વારંવાર ગોત્યા કરે; નામામાં ફેર પડે ત્યાં ફેર કેમ પડ્યો? પૈસા ઘટે તો શું છોકરો લઈ ગયો? છોકરો બહારથી મોડો આવે તો ક્યાં ગયો હશે?—આમ ને આમ પરની ગોતમાં તારો અંદરનો પ્રભુ અનાદિથી ખોવાઈ ગયો છે એ તું જોતો નથી! એક વસ્તુ આઘીપાછી થાય તેને ગોતવા રાત ને દી મહેનત કરે, પણ પોતે આખો ખોવાઈ ગયો છે એની ગોત માટે મહેનત એક ક્ષણ પણ નહિ. આહાહા! તારે શું કરવું છે? ક્યાં જવું છે?

* આત્મા જોનાર-જાણનાર છે. પરને જોતાં તેને પરમાં વિસ્મયતા અને અધિકતા લાગે છે તેથી તે અંતર આત્મસ્વભાવની આશ્ચર્યતા કે અધિકતાને જોતા નથી. બહારની સામગ્રીમાં—સુંદર શરીર, વાણી, મકાન, લક્ષ્મી, ઘરવખરી, ફર્નિચર વગેરે ભભકામાં—એને રસ પડે છે, મજા

લાગે છે; પણ એ બધું પર ચીજ છે બાપુ! એ વસ્તુ તારામાંથી થઈ નથી, તેં કરી નથી. તારી હાજરી છે માટે તેની હયાતી છે—એમ પણ નથી. જડને લઈને જડની હયાતી છે. તેની હયાતીમાં તારો કાંઈ પણ ભાગ છે એમ નથી. જો તને એની હયાતીથી કાંઈ આશ્ચર્ય ને વિસ્મય લાગે, તેનો પ્રેમ લાગે, તો તને તારી હયાતીની—નિજ અસ્તિત્વની—વિસ્મયતા નહિ બેસે, સ્વભાવનો પ્રેમ તને નહિ લાગે.

* યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. ભાવના કોઈ નિષ્ફળ હોતી નથી. પાપભાવનાઓ નરકાદિપણે ફળે છે, શુભ-ભાવનાઓ સ્વર્ગાદિપણે ફળે છે, અને ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના માર્ગફળપણે—મોક્ષપણે—ફળે છે. જો ભાવનાઓ નિષ્ફળ જાય તો તે ભાવનાના ફળરૂપ સ્વર્ગ, નરક ને મોક્ષ વગેરેનો અભાવ થતાં જગતને—ચૌદ બ્રહ્માંડને—શૂન્યતા આવી પડે. ફળસ્થાનરૂપ ચૌદ બ્રહ્માંડ શૂન્ય થતાં તેના કારણરૂપ ભાવનાઓનો તથા તે ભાવનારૂપ પરિણમતા આ આત્માનો—દ્રવ્યનો—નાશ થઈ જાય; પણ એવું કદી બને જ નહિ.

* પોતે પોતાને ઓળખે તો સમ્યગ્દર્શન થાય. પરને પોતાનું કરવું હોય તો કરી ન શકાય. ખરેખર તો રાગને પોતાનો કરવો હોય તો કરી ન શકાય; કેમ કે એક સમયની પર્યાય કૃત્રિમ છે. પોતે પોતાના સ્વરૂપે છે, તેના અંતરમાં જવું તે કરી શકાય છે. પોતે પોતાને ઓળખી શકે છે.

* જ્ઞાનીને ભગવાનની ભક્તિના, પૂજાના ભાવ આવે, પંચમહાવ્રતના પરિણામ પણ હોય; પરંતુ એનો અનુભવ અને દૃષ્ટિ અંદર વસ્તુસ્વભાવ ઉપર છે, તેને ન જોતાં, ધર્મી પણ ભક્તિ વગેરે કરે છે માટે અમે પણ એમ કરીએ—એમ અજ્ઞાની ફોતરાં ખાંડ્યા કરે છે; પણ અંદરનો જે કસ, કમોદમાં જેમ ચોખા કસ છે તેમ, અતીન્દ્રિય આનંદમય આત્મા—એને શોધતો નથી. વ્રતને નિરતિચાર કરવા, લાગેલા દોષનું પ્રાયશ્ચિત્ત લેવું—એ ફોતરાંમાં અજ્ઞાની જીવ રોકાઈ ગયો; પરંતુ અંદરની જે જ્ઞાનાનંદના કસવાળી ચીજ છે, જેમાં કસ એટલે કે માલ ભર્યો છે તે

ભગવાન આત્માને શોધતો નથી. અંદર જે શોધવું જોઈએ તેની એને ખબર નથી.

* આત્માના મહિમા વિના તું રૂપિયા, ઘર, શરીર, પુત્ર આદિમાં રોકાઈ ગયો. પૈસા રળવામાં, રાખવામાં ને ગોઠવવામાં તથા ઘરને રાખવામાં—આમ ઊગમણાં-આથમણાં બારણાં રાખવાં જેથી હવા ને પ્રકાશ મળે, આવા નળિયા ને બારીના સળિયા નાખવા એમાં—તું ખોવાઈ ગયો. આહાહા! બહારની પંચાતમાં ક્યાં રોકાણો પ્રભુ તું! તારા રાખ્યાં એ રહેશે નહિ, પ્રયત્ન કર તોય નહિ રહે. તારા ઘરમાં જવા માટે પ્રયત્ન ન મળે, ને આ બધાં પુણ્ય-પાપનાં ફળ અને એના સંયોગની મીઠાશમાં રોકાઈ ગયો કહે છે ને—ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો! પોતે તો આખો ખોવાઈ ગયો ને બહારમાં રોકાઈ ગયો વ્રત આદિ પાળે, જાવજીવ (જીવનપર્યંત) બ્રહ્મચર્ય પાળે, લોકો વખાણ કરે—ત્યાં બહારમાં ને બહારમાં રોકાઈ ગયો, પોતાને માટે એક ક્ષણ પણ આપી નહિ.

* પૂર્ણાનંદ પ્રભુ આત્માની રુચિ, દૃષ્ટિ અને પોસાણ વિના જે શુભ ભાવો થાય છે તે આત્માના રસ વગરના લૂખા અને ક્ષણિક હોય છે. બહારના ભભકા એ તો મસાણનાં હાડકાંના ફોસ્ફરસના ભડકા જેવા છે. કાંઈક વાંચતાં આવડે, બોલતાં આવડે, અરે! ચક્રવર્તીનું રાજ વગેરે બહારનું બધું એ બધા ભભકા, આ અમૃતસ્વરૂપ નિજ ભગવાન આત્મા પાસે, હાડકાંના ફોસ્ફરસના ભડકા જેવા નાશવાન છે.

* જેવા પરિણામ કર્યા તેવું ફળ આવ્યા વિના રહે જ નહિ. ચાર ગતિ ને સિદ્ધદશા તે પરિણામનું ફળ છે. જો પરિણામનું ફળ ન આવે તો ચાર ગતિને સિદ્ધદશા નહિ રહી શકે. એમ થતાં પર્યાય વિના દ્રવ્યનો નાશ થતાં જગતનો પણ નાશ થઈ જાય. પરંતુ એમ કદી બને જ નહિ.

* પોતાના હિતને માટે પ્રથમ વિકલ્પથી નિર્ણય કરવા માંડ્યો કે—હું એક છું, શુદ્ધ છું, મમત્વહીન છું અને જ્ઞાનદર્શનપૂર્ણ છું વગેરે નિર્ણય થતાં વિકલ્પ તોડીને તે અંદર પેસશે. આહાહા! આ ઉપદેશની શૈલી બીજી જાતની છે! પાંચ ઇન્દ્રિયો વગેરે બધું બહારનું બંધ કરીને,

અંતરથી નિર્ણય કરે છે કે—હું શુદ્ધ છું, અખંડ છું, અનાદિ-અનંત છું, કર્તા-કર્મ-કરણ વગેરે કારકોના ભેદથી રહિત ત્રિકાળી અનુભૂતિ-સ્વરૂપ છું, ત્યાં અનુભૂતિ ત્રિકાળી છે, પર્યાયની વાત નથી. આહાહા! ગજબ કામ કર્યું છે ને! સંતોએ તો જગતને ન્યાલ કરી દીધું છે! આત્મા આમ હથેળીમાં બતાવ્યો છે: જો આ, જો આ; તારી નજર તો કર. તારી નજરું પરમાં છે તેને પલટાવ ભાઈ!

* ગમે તે પ્રતિકૂળ સંયોગો હો, તેની જે કાળે જે અવસ્થા હો, શરીરમાં ગમે તે થાઓ, એવા પ્રસંગે પુરુષાર્થને તીખો કરીને અંતરમાં વાળવો પડશે; તે વિના કોઈ ઉપાય નથી. હું રોગી છું, હું નિર્ધન છું એમ માનીશ તો મરી ગયો! રાગભાવમાં પોતાનું આખું અસ્તિત્વ માની ત્રિકાળી પૂર્ણ સ્વભાવનો, પુરુષાર્થના પિંડનો, નિજ સહજ અસ્તિત્વનો તેં અનાદર કર્યો તો પુરુષાર્થ ઊપડશે જ ક્યાંથી? આહાહા! આવી વાત છે.

* આહાહા! આત્મા પૂર્ણાનંદનો નાથ છે; એ પૂર્ણાનંદના નાથનું પર્યાયમાં જ્ઞાન થયું કે વસ્તુ તે વસ્તુ છે; એ ત્રિકાળી જ્ઞાનસ્વભાવી વસ્તુનું જે જ્ઞાન ને શ્રદ્ધા પર્યાયમાં થઈ તે જ્ઞાન-શ્રદ્ધા સહિતનું જીવન નિયમથી રાગના અભાવસ્વરૂપ-વૈરાગ્યમય જ હોય છે. આહાહા! આ (વચનામૃતના બોલ) તો એકલા અમૃતના ટુકડા છે! જ્ઞાન સહિતનું જીવન વૈરાગ્યમય જ હોય છે, કેમ કે જ્ઞાનાનંદનું—પરમાનંદસ્વરૂપનું—જે જ્ઞાન થયું તે જ્ઞાનપરિણમન રાગના અભાવસ્વરૂપ જ હોય છે. તેથી તે જ્ઞાન વૈરાગ્યમય જ હોય છે. આહાહા! આવી વાત છે!

* આત્મા જાણનારો...જાણનારો...જાણનારો જાણવાલાયક વસ્તુ છે. તેને અંદર અનુભવથી જાણવો એ જ જીવનનું કર્તવ્ય છે. એમાં રસ ન આવે ત્યાં સુધી જીવ બહારના રસથી છૂટે નહિ. 'રુચિ અનુયાયી વીર્ય.' જ્યાં રુચિ હોય ત્યાં અનંત અનંત કાળ એમ ને એમ ગાળ્યો છે. ત્યાં કોઈ શરણ થયું નથી અંદર જે શરણ છે તેને લક્ષગત કર્યું નથી, ને જે શરણ નથી તેને લક્ષગત કરીને પરિભ્રમણ—જન્મમરણનાં ચક્ર—ઊભાં કર્યાં છે. જુઓને! નાની નાની ઉંમરમાં દેહ છૂટી જાય છે. આયુષ્યનો શો ભરોસો? માટે જીવનમાં શીઘ્ર આત્મહિત કરી લેવા જેવું છે.

* કરવાનું તો આ છે: જીવન જ્ઞાનમય, આનંદમય, શ્રદ્ધામય, શાંતિમય. પૂર્ણ પ્રભુતાનો દરિયો ભગવાન આત્મા છે તેની પ્રભુતામય કરીને જીવવું જોઈએ. જાગતી જ્યોત જીવમાં જે ભરેલી છે તેને પર્યાયમાં પ્રગટ કરીને જીવવું તે જ જીવન છે. પચીસ, પચાસ કે સો વર્ષ બાયડી-છોકરાં સંભાળ્યાં, ધંધો કર્યો, ઉદ્યોગપતિ થયો, પોતાના બાહુબળે પૈસા નહોતા ને ભેગા થયા,—એ બધાં શેનાં વખાણ? ગાંડપણાનાં? અરે! બાપુ! એ કાંઈ આત્માનાં જીવન છે? અંદર જેને આત્મજ્ઞાન હોય તે અંતરમાં ઠરે, તેને બહાર બીજાને દેખાડવાની વિશેષતા કે અધિકતા હોય નહિ, બહારનો, શુભાશુભ ભાવનો રસ છોડી, રુચિને અંદર વાળીને જીવન આત્મામય કરી લેવું જોઈએ.

—o—

※ પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાની ખુશાલીમાં—

રૂ. ૮૯૫૬ શ્રી જશોદાબેન મેઘજી વાઘજી હરીયા પરિવાર, નાયરોબી

રૂ. ૫૦૦૭ શ્રી લાલજીભાઈ નથુભાઈ શાહ, લંડન

રૂ. ૫૦૦૧ શ્રીમતી કસ્તુરીબેન ચુનીલાલ હેમાણી, કલકત્તા

રૂ. ૫૦૦૧ શ્રી હીરાલાલ રાયચંદ ગાંધી

—તરફથી સંસ્થાના જ્ઞાનપ્રચાર આદિ વિવિધ ખાતામાં જાહેર કરવામાં આવેલ છે.

[ અધ્યાત્મ-પ્રકાશન પૃષ્ઠ ૨૭થી ચાલુ ]

※ માઉન્ટવાળા ફોટા

| | |
|---|---|
| ૧૪×૧૬ મોટી સાઈઝ (×) કલર | ૨૧-૦૦ |
| ૧૪×૧૬ મોટી સાઈઝ (×) બ્લેક | ૧૨-૦૦ |
| ૧૦"×૧૨" મીડીયમ સાઈઝ (×) બ્લેક | ૭-૦૦ |
| (માઉન્ટ વગરના) કલર ફોટા | ૧૦-૦૦ |
| (પોસ્ટકાર્ડ સાઈઝ) કલર ફોટા | ૬-૦૦ |
| (પાસપોર્ટ સાઈઝ) ફોટા | ૧-૦૦ |
| એલ્યુ. ફ્રેમવાળા ફોટા | ૧૦-૦૦ |
| નિત્યદર્શન | ૪-૦૦ |
| તીર્થધામ સોનગઢ (કેલેન્ડર) | ૭-૦૦ |
| ગુરુદેવ જીવન દર્શન ,, | ૧૫-૦૦ |
| તારીખવાળું કેલેન્ડર | ૫૫-૦૦ |
| ,, (નાની સાઈઝ) | ૧૫-૦૦ |
| સ્ટીકર | ૧-૦૦ |
| મેગ્નેટ | ૨-૫૦ |
| ટાઇલ્સ (ગુરુદેવશ્રીના ચરણ ચિહ્ન) | ૧૦-૦૦ |
| ,, (ગુરુદેવશ્રીનાં ફોટા) | ૭-૦૦ |

—o—

# આધ્યાત્મિક-પ્રકાશન

## મૂળ શાસ્ત્ર

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી સમયસાર | ૧૫-૦૦ |
| ,, પ્રવચનસાર | ૧૫-૦૦ |
| ,, નિયમસાર | ૯-૦૦ |
| ,, पंचास्तिकायसंग्रह | ૨૦-૦૦ |
| ,, પરમાત્મપ્રકાશ | ૧૧-૨૫ |
| ,, યોગસારપ્રાભૃત | ૮-૨૫ |
| ,, આત્માનુશાસન | ૧૦-૦૦ |
| ,, પદ્મનંદી પંચવિંશતિ | પ્રેસમાં |
| ,, स्वामीकार्तिकेयानुप्रेक्षा | ૬-૫૦ |
| ,, ઇષ્ટોપદેશ | ૭-૦૦ |
| ,, સમાધિતંત્ર | ૫-૫૦ |
| ,, पुरुषार्थसिद्धि-उपाय | ૫-૦૦ |
| ,, પુરુષાર્થ સિદ્ધિ-ઉપાય | ૫-૦૦ |
| ,, દ્રવ્યસંગ્રહ | ૧-૫૦ |
| ,, द्रव्यसंग्रह | ૨-૦૦ |
| ,, સમયસાર-કલશ | ૭-૦૦ |
| ,, નાટક સમયસાર | ૧૦-૦૦ |
| ,, नाटक समयसार | ૭-૦૦ |
| ,, પંચાધ્યાયી | ૪૦-૦૦ |
| ,, તત્ત્વજ્ઞાનતરંગીણી | ૪-૦૦ |
| ,, तत्त्वज्ञानतरंगिणी | ૭-૦૦ |
| ,, ચિદ્‌વિલાસ | ૧-૭૫ |
| ,, चिद्विलास | ૫-૦૦ |
| ,, અનુભવપ્રકાશ | ૨-૦૦ |
| ,, સત્તાસ્વરૂપ | ૨-૦૦ |
| ,, सत्तास्वरूप | ૨-૫૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી आत्म-अवलोकन | ૪-૦૦ |
| ,, મોક્ષમાર્ગપ્રકાશક | ૧૪-૦૦ |
| ,, मोक्षमार्ग प्रकाशक | ૧૦-૦૦ |
| ,, છહઢાળા | ૩-૦૦ |
| ,, छहढाला | ૨-૫૦ |
| ,, ગુરુદેવશ્રીનાં વચનામૃત | ૪-૦૦ |
| ,, બહેનશ્રીનાં વચનામૃત | ૩-૦૦ |
| ,, बहिनश्रीके वचनामृत | ૧૦-૦૦ |
| ,, બહેનશ્રીચે વચનામૃત (મરાઠી) | ૩-૦૦ |
| ,, દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ | ૪-૫૦ |
| ,, આલોચના | ૦-૩૫ |
| ,, પંચસ્તોત્ર સંગ્રહ | ૩-૦૦ |
| ,, સમંતભદ્રસ્તોત્ર-ત્રયી | ૩-૦૦ |
| ,, જૈન સિદ્ધાંત પ્રવેશિકા (5 અધ્યાયવાળી) | ૩-૦૦ |
| ,, जैन सिद्धांत प्रवेशिका (5 અધ્યાયવાળી) | ૨-૦૦ |

## પ્રવચન સાહિત્ય

| | |
|---|---|
| શ્રી પ્રવચન રત્નાકર ભાગ-૨ | ૫-૦૦ |
| ,, ,, ,, ભાગ-૩ | ૬-૦૦ |
| ,, ,, ,, ભાગ-૪ | ૭-૫૦ |
| ,, ,, ,, ભાગ-૫ | ૮-૦૦ |
| ,, ,, ,, ભાગ-૬ | ૭-૦૦ |
| ,, ,, ,, ભાગ-૭ | ૮-૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
| --- | --- |
| શ્રી પ્રવચન રત્નાકર ભાગ–૮ | ૧૦–૦૦ |
| ,, ,, ,, ભાગ–૯ | ૧૦–૦૦ |
| ,, ,, ,, ભાગ–૧૦ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૧૧ | ૧૪–૦૦ |
| ,, સમયસાર પ્રવચન ભાગ–૧/૨ | ૩૦–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૧૭–૦૦ |
| ,, समयसार प्रवचन भाग–२ | ७–०० |
| ,, ,, ,, भाग–३ | ७–०० |
| ,, ,, ,, भाग–४ | ८–०० |
| ,, 'હું' પરમાત્મા' (યોગસાર ઉપર પ્રવચનો) | ૮–૦૦ |
| ,, ઈષ્ટોપદેશ પ્રવચન | ૯–૦૦ |
| ,, આત્મભાવના (સમાધિતંત્ર પર પ્રવચનો) | ૫–૦૦ |
| ,, પરમાગમસાર | ૧૧–૨૫ |
| ,, परमागमसार | ११–२५ |
| ,, વચનામૃત–પ્રવચન ભાગ–૧ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૧૨–૦૦ |
| ,, આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો | ૮–૦૦ |
| ,, અપૂર્વ અવસર પર પ્રવચનો | ૩–૦૦ |
| ,, અનુભવપ્રકાશ પ્રવચન | ૭–૦૦ |
| ,, શ્રાવકધર્મ પ્રકાશ | ૫–૦૦ |
| ,, श्रावकधर्म प्रकाश | ५–०० |
| ,, અધ્યાત્મસંદેશ | ૫–૫૦ |
| ,, ધર્મની ક્રિયા | ૫–૦૦ |
| ,, વસ્તુવિજ્ઞાનસાર | ૬–૦૦ |
| ,, વીતરાગ–વિજ્ઞાન (છ ઢાળા પ્રવચન) ભાગ–૧ | ૧–૨૫ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
| --- | --- |
| શ્રી વીતરાગ-વિજ્ઞાન (છ ઢાળા પ્રવચન) ભાગ–૨ | ૧–૫૦ |
| ,, વીતરાગ-વિજ્ઞાન (છ ઢાળા પ્રવચન) ભાગ–૪ | ૨–૨૫ |
| ,, वीतराग विज्ञान (छ ढाला प्रवचन) भाग–१ | २–७५ |
| ,, वीतराग-विज्ञान (छ ढाला प्रवचन) भाग–२ | १–७५ |
| ,, वीतराग विज्ञान (छ ढाला प्रवचन) भाग–३ | ३–०० |
| ,, अष्ट-प्रवचन भाग–२ | १–५० |
| ,, ધન્યાવતાર | ૨–૦૦ |
| ,, धन्यावतार | २–०० |

## પૂજા ભક્તિ–સ્વાધ્યાય

| શાસ્ત્રનું નામ | કિંમત |
| --- | --- |
| શ્રી જિનેન્દ્ર પૂજાસંગ્રહ | ૧૦–૦૦ |
| ,, જિનેન્દ્ર પૂજાપલ્લવ | ૨–૦૦ |
| ,, જિનેન્દ્ર પૂજા પ્રસાદ ને સ્વાધ્યાય સુધા | ૫–૦૦ |
| ,, दशलक्षण विधानपूजा | ३–०० |
| ,, विधान-पूजा संग्रह | ८–०० |
| ,, सिद्धचक्र विधान पूजा | १०–०० |
| ,, जिनसहस्र वसु विधान पूजा | ७–५० |
| ,, નંદીશ્વરભજન–પૂજન સંગ્રહ | ૩–૦૦ |
| ,, મહાવીર ભજન–પૂજન સંગ્રહ | ૧–૦૦ |
| ,, જિનેન્દ્ર ભજનમાળા | ૨–૦૦ |
| ,, સમવસરણ સ્તુતિ | ૧–૦૦ |
| ,, ગુરુ-સ્તુતિ આદિ સંગ્રહ | ૩–૦૦ |
| ,, અષ્ટ પ્રાભૃત (હરિગીત) | ૧–૦૦ |
| ,, શાસ્ત્ર સ્વાધ્યાય | ૫–૦૦ |
| ,, નિયમસાર (ગુટકો) | ૦–૫૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી समाधितन्त्र ( गुटको ) | ०-५० |
| ,, अमृतकुम्भ | ४-०० |
| ,, पञ्चमेरुनन्दीश्वर विधान पूजा | ५-०० |
| **અન્ય** | |
| શ્રી પૂ. બહેનશ્રી ચંપાબેન અભિનંદન ગ્રંથ | ૨૫-૦૦ |
| ,, આત્મધર્મ જન્મ શતાબ્દી વિશેષાંક | ૧૦-૦૦ |
| ,, आत्मधर्म जन्म शताब्दी विशेषांक | १०-०० |
| શ્રી સોગાનીજીનાં આધ્યાત્મિ પત્રોક | ૨-૦૦ |
| ,, જ્ઞાનામૃત | ૨-૦૦ |
| ,, ज्ञानामृत | २-०० |
| ,, અધ્યાત્મ પરાગ | ૩-૦૦ |
| ,, નિર્ભ્રાંતદર્શનની કેડીએ | ૨-૦૦ |
| ,, दंसणमूलो धम्मो | १-०० |
| ,, બીજું કાંઈ શોધમાં | ૩-૦૦ |
| ,, दूसरा कुछ न खोज | ३-०० |
| ,, ભગવાન આત્મા | ૩-૦૦ |
| ,, विधिविज्ञान | ३-०० |
| ,, પ્રતિક્રમણ | ૨-૦૦ |
| ,, जैनतत्त्वमीमांसा | ६-०० |
| ,, जैन सिद्धांत प्रश्नोत्तरमाला भाग-२ | १-५० |
| ,, जैन सिद्धांत प्रश्नोत्तरमाला भाग-३ | १-५० |
| ,, શોર્ટ રીડર ( અંગ્રેજી ) | ૦-૭૫ |
| ,, જૈન બાળપોથી ભાગ-૧ | ૧-૫૦ |
| ,, जैन बालपोथी भाग-१ | १-५० |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી જૈન પ્રાયમર ( અંગ્રેજી ) | ૫-૦૦ |
| શ્રી મહારાણી ચેલણા | ૧-૦૦ |
| ,, ભગવાન પારસનાથ | ૧-૨૫ |
| ,, જંબૂસ્વામી ચરિત્ર | ૨-૦૦ |
| ,, અધ્યાત્મ યુગપુરુષ શ્રી કાનજીસ્વામી | ૨-૦૦ |
| ,, अध्यात्म युगपुरुष श्री कानजीस्वामी | २-०० |
| ,, અધ્યાત્મદષ્ટા | ૫-૦૦ |
| ,, બહેનશ્રીની જીવન ઝરમર | ૧-૦૦ |
| ,, અહિંસા પરમો ધર્મ | ૦-૫૦ |
| ,, अहिंसा परमो धर्म | ०-५० |
| ,, આરાધના | ૦-૨૦ |
| ,, પરમાગમ મહોત્સવ પત્રિકા | ૧-૨૫ |
| ,, પરિચય પુસ્તિકા | ૧-૦૦ |
| ,, परिचय पुस्तिका | १-०० |
| ,, પરિચય પુસ્તિકા અંગ્રેજી | ૧-૦૦ |
| ,, ' પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં જીવન તથા સંદેશ ' (અંગ્રેજી) | ૨-૨૫ |
| ,, આત્મધર્મ ફાઈલ | ૩-૦૦ |
| ,, ધન્યકુમાર ચરિત્ર | ૩-૦૦ |

## ફોટા તથા અન્ય

### * લેમીનેશનવાળા ફોટા

| | સાઈઝ | |
|---|---|---|
| ગુરુદેવના | ૧૬×૨૦ | ૩૫૦-૦૦ |
| | | ૩૦૦-૦૦ |
| | ૧૬×૨૧ | ૨૮૦-૦૦ |
| | ૧૨×૧૫ | ૧૫૦-૦૦ |
| | ૧૨×૧૦ | ૧૧૦-૦૦ |

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૪ ]

## * મુંબઈના વિદ્વાન પં૦ શ્રી હિંમતભાઈ ઝોબાળિયાનો સ્વર્ગવાસ *

પરમપૂજ્ય ગુરુદેવશ્રી જેમનો 'આપણા મુંબઈના પંડિત' કહીને પરિચય આપતા હતા, જેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના જૂના ભક્ત હતા, તે વિદ્વાન પં૦ શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયાનું (વર્ષ-૮૦) મુંબઈમાં તા. ૨૬-૨-૯૦ (ફા. સુ. ૧)ના રોજ શાંતપરિણામપૂર્વક દેહાવસાન થયું છે. સ્વ. શ્રી હિંમતભાઈને નાનપણથી ધર્મનો પ્રેમ હતો. બ્રહ્મદેશમાં પણ પૂજ્ય ગુરુદેવે બતાવેલા તત્ત્વજ્ઞાનનું પ્રવચન કરતા. દેશમાં આવ્યા પછી વ્યવસાયનિમિત્તે મુંબઈ ગયા. મુંબઈમાં મુમુક્ષુમંડળની સ્થાપના, જિનમંદિરનું નિર્માણ વગેરે પૂજ્ય ગુરુદેવનાં પ્રભાવના-કાર્યોમાં તેમની ભક્તિભીની સેવાનો નોંધપાત્ર ફાળો છે. તેઓ એક સારા પ્રવચન-કાર હતા. તેમનાં પ્રવચનોથી ભારતના અનેક હિન્દી-ગુજરાતી ભાઈ-બહેનો પૂજ્ય ગુરુદેવના શ્રદ્ધાળુ બન્યા હતા. તેમને તત્ત્વજ્ઞાનનો સારો રસ હતો, દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે તન-મન-ધનથી ભક્તિ હતી અને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પણ અનન્ય શ્રદ્ધાભક્તિ હતી. તેમણે સોનગઢમાં સ્થાયી થઈને ઘણાં વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવના સમાગમનો લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રી સાથે બધી તીર્થયાત્રાઓ પણ તેમણે કરી હતી. સોનગઢના જ્ઞાનપ્રચારવિભાગના તથા 'કહાન રાહતકેન્દ્ર'ના સંચાલનમાં પણ તેમણે સારી સેવા આપી હતી. પૂજ્ય ગુરુદેવના ભક્તોમાં તેઓ પણ એક અગ્રગણ્ય હતા. સ્વર્ગસ્થ આત્મા ઉપાર્જિત ધાર્મિક સંસ્કારો વડે શાશ્વત સુખ પામો એ જ તેમના પ્રત્યે વૈરાગ્યભાવભીની અંજલિ.

## વૈરાગ્ય સમાચાર :—

* અમદાવાદનિવાસી શ્રી નયનભાઈ રમણીકલાલ ગોસળીયા (અનિલભા[ઈ] અનોપચંદભાઈ ઉદાણી મુંબઈના ભાણેજ) (વર્ષ-૩૪) બેંગલોર પ્લેન અકસ્માત[થી] સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઇરોબીનિવાસી શ્રી પુષ્પાબેન મોહનલાલ શાહ (વર્ષ-૫૫) તા. ૩/૧૧/૮૯ન[ા] રોજ હાર્ટફેઇલથી સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રી નાઇરોબી પધાર્યા ત્યારે તેઓ[એ] અનેરા ઉત્સાહથી ઘણો જ લાભ લીધો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પા[મે] એ જ ભાવના.

—૦—

(તા. ૧૪-૩-૯૦)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અધ્યાત્મસાધનાતીર્થમાં—સુવર્ણપુરી તીર્થક્ષેત્રમાં—દૈનિક ધાર્મિકગતિવિધિ સુચારુરૂપે યથાવત્ પ્રવર્તી રહી છે. સવારે જિનેન્દ્રપૂજા, ૮ થી ૯ પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસારજી પર ૧૮મી વારનું અધ્યાત્મ-રસપૂર્ણ અદ્‌ભુત ટેઈપ પ્રવચન, બપોરે ૩ થી ૪ પ્રવચનસાર પર શાસ્ત્રપ્રવચન, ત્યાર પછી જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ, રાત્રે ૭॥ થી ૮॥ પૂજ્ય ગુરુદેવશ્રીનું 'અષ્ટપાહુડ' પર ૧૯૭૦ નું ભાવવાહી ટેઈપ-પ્રવચન અને ત્યાર પછી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમના સ્વાધ્યાયભવનમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા તેમ જ વિશેષ પ્રસંગો પર આદરણીય પં. હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા-ભક્તિનો મનોજ્ઞ કાર્યક્રમ સુંદર રીતે ચાલી રહ્યો છે.

* પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન શુદ્ધાત્મસાધના સહ સુખ-શાંતિમાં બિરાજે છે. શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે. સ્થાનિક મુમુક્ષુઓ તેમ જ સમાગત મહેમાનો તથા યાત્રાળુઓને તેમનાં પવિત્ર દર્શનનો તેમ જ કોઈક વાર અનુભવરસભીની અનુપમ વાણીનો પણ લાભ મળે છે.

* **સીમંધર અષ્ટાહ્નિક-ઉત્સવઃ**—અધ્યાત્મતીર્થક્ષેત્ર સુવર્ણપુરીના 'શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર'ની મંગલ પ્રતિષ્ઠાનો ૫૦ મો વાર્ષિક દિન પ્રતિવર્ષ અનુસાર મહા વદ ૯ થી ફાગણ સુદ ૨ સુધી 'શ્રી વિંશતિ-વિહરમાન—જિનમંડળ-વિધાન પૂજા,' જિનેન્દ્રભક્તિ, તત્ત્વજ્ઞાન ઉપાસના આદિ વિવિધ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. ફાગણ સુદ બીજના દિવસે જિનેન્દ્ર-પૂજા બાદ જિનેન્દ્ર રથયાત્રા નીકળી હતી. આ શુભ પ્રસંગની ખુશાલીમાં શ્રી જડાવબેન નાનાલાલ જસાણી (મુંબઈ) પરિવાર તરફથી સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું.

* **પંચમેરુ-નંદીશ્વર-જિનાલય-વાર્ષિક-મહોત્સવઃ**—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત નવનિર્મિત શ્રી પંચમેરુનંદીશ્વર જિનાલયનો છઠ્ઠો વાર્ષિક પ્રતિષ્ઠા-ઉત્સવ ફાગણ સુદ ૪ થી ફાગણ સુદ ૭ સુધી શ્રી પંચકલ્યાણક પૂજનવિધાન, જિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ મંગલ પ્રસંગની ખુશાલીમાં શ્રી ભીખાલાલ મગનલાલ શાહ (દહેગામ) પરિવાર હસ્તે શ્રી હીરાભાઈ તરફથી સ્વામીવાત્સલ્ય-ભોજન રાખવામાં આવ્યું હતું.

* નંદીશ્વર અષ્ટાહ્નિકા:- અધ્યાત્મવિદ્યાતીર્થ શ્રી સુવર્ણપુરીના ભવ્ય નંદીશ્
જિનાલયમાં તા. ૪-૩-૯૦ થી તા. ૧૧-૩-૯૦ સુધી ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહિ
શ્રી નંદીશ્વર-વિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, તત્ત્વજ્ઞાનોપાસના આદિ કાર્યક્રમ પૂ
ઉજવવામાં આવી હતી.

* પરમાગમમંદિર-વાર્ષિક-પ્રતિષ્ઠાદિન:- ફાગણ સુદ ૧૩, તા. ૯-૩-૯૦
રોજ 'શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિર'ની ૧૬ મી પ્રતિષ્ઠાતિથિ પૂ
ભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગ નિમિત્તે મુંબઈ નિવાસી શ્રીમતી રમીલાબેન ઇન્દ્રવદનભાઈ ઝવેરી તરફ
પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ-પ્રવચન-કેસેટમાં ૫૦ % ડીસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતુ

* માનસ્તંભ-વાર્ષિક પ્રતિષ્ઠાદિન:- ચૈત્ર સુદ ૧૦, બુધવાર, તા. ૪-૪-૯૦
રોજ માનસ્તંભ પ્રતિષ્ઠાની ૩૮મી વાર્ષિકતિથિ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ દ્વા
ઉજવવામાં આવશે.

* મહાવીરજયંતી તથા "પરિવર્તન—દિન" :-ચૈત્ર સુદ ૧૩, શનિવ
તા. ૭-૪-૯૦ ના રોજ શાસનનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મકલ્યાણદિન તે
જ મહાવીર-અધ્યાત્મમાર્ગપ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના "પરિવર્તન"
૫૬મી જયંતી પૂજાભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસં
શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા (ગોરેગાંવ) તથા શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈ
(મલાડ) તરફથી સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવેલ છે.

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધિ માહિતી—

પ્રકાશન સ્થાન—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250
પ્રકાશન તારીખ—દરેક માસની પંદર તારીખ
પ્રકાશક—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250
મુદ્રક :-કહાન મુદ્રણાલય, સોનગઢ
સંપાદક- નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ
તંત્રી :-હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ
રાષ્ટ્રીયતા : -ભારતીય
માલિક:-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250

—વ્યવસ્થાપક (મેનેજર)
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
તા. ૧૫-૩-૯૦ સોનગઢ (કાનજીસ્વામીનું) 364250

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-સમાપનના ઉપલક્ષમાં

મુંબઈ શહેરમાં મલાડ ઉપનગરમાં

શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-શુદ્ધ-અધ્યાત્મામ્નાયાનુયાયી

ઉપનગર ( મલાડ ) દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત

[ શ્રી પંચમેરુ-નંદીશ્વર (બાવન) જિનાલય ]

## શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેઓના પ્રભાવનાયોગની અનુપમ શોભા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પુનીત પ્રતાપ તેમ જ મંગલ આશિષથી અમારા મલાડ ઉપનગમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીભક્તગણ નિર્માપિત ભગવાન શ્રી ઋષભનાથ દિ૦ જિનમંદિરની ઉપરની છત પર શ્રી પંચમેરુનંદીશ્વર જિનાલયની મનોરમ રચનાનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે.

મુંબઈ મહાનગરીમાં સર્વ પ્રથમ નિર્મિત થનાર આ પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં બિરાજમાન થનાર તથા અન્ય વેદીમાં બિરાજમાન થનાર ભગવાન શ્રી ભરત-સામાન્ય કેવલી તેમ જ ભગવાન શ્રી બાહુબલી મુનિશ્વરના ભવ્ય વીતરાગભાવવાહી દિગંબર જિનબિંબોની શુદ્ધામ્યાનુસાર પ્રતિષ્ઠાવિધિ વીર નિ. સં. ૨૫૧૬, વિ. સં. ૨૦૪૭ વૈશાખ સુદ ૬, સોમવાર, તા. ૩૦-૪-૯૦થી વૈશાખ સુદ ૧૩, સોમવાર, તા. ૭-૫-૯૦—આઠ દિવસની રાખવામાં આવી છે.

આ પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવની ભવ્ય નિમંત્રણપત્રિકા મુદ્રિત થતાં સર્વ મુમુક્ષુમંડળોને શીઘ્ર પ્રેષિત કરવામાં આવશે. સર્વે મુમુક્ષુઓને આ અનુપમ અવસરનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

નિમંત્રક :

શ્રી ઉપનગર ( મલાડ ) દિ૦ જૈન મુમુક્ષુમંડળ

—❀—

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો
## ૫૮ મો સમ્યક્‌ત્વજયંતી મહોત્સવ

સમ્યક્‌ત્વવિભૂષિત સ્વાનુભવતીર્થ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૫૮મો સમ્યક્‌ત્વજયંતીનો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં મુંબઈ નિવાસી શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી-પરિવાર તરફથી તા. ૧૮-૩-૯૦ થી તા ૨૨-૩-૯૦ (ફાગણ વદ ૧૦) પાંચ દિવસ સુધી ચૌંસઠઋદ્ધિમંડળ-વિધાન પૂજા આદિ સમ્યક્‌ત્વપ્રેરક વિવિધ કાર્યક્રમપૂર્વક આનંદોલ્લાસ સહિત ઉજવાઈ રહ્યો છે.

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૨૦૦

**If undelivered please return to :-**
**Shri Dig. Jain Swadhyay Mandir Trust**
**SONGADH-364 250 (INDIA)**

**Licence No. 21 'Licensed to post without prepayment'**

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012